# 'બોટાદ ના વિકાસ નકશાનો અહેવાલ'

## 'અનુક્રમણિકા'


| અનુ.નં. | વિષય | પાના નંબર |
|---|---|---|
| (૧) | પ્રસ્તાવના અને કાયદા ની વિધિ. | ૧-૨ |
| (૨) | ઉદ્દ્ગમ અને વિકાસ | ૩ |
| (૩) | ભૌગોલિક સ્થિતિ. | ૪-૫ |
| (૪) | અભ્યાસ અને સર્વેક્ષણ | ૬-૧૩ |
| (૫) | આયોજન ના પ્રશ્નો | ૧૪-૧૬ |
| (૬) | અમલીકરણ | ૧૭ |
| (૭) | ઝોનીંગ નિયંત્રણો | ૧૮-૧૯ |
| (૮) | અંદાજી ખર્ચ પત્રક | ૨૦ |
| (૯) | બાંધકામ ની મંજુરી પત્રક | ૨૧ |
| (૧૦) | ફોર્મ એ. | ૨૨ |
| (૧૧) | ફોર્મ બી. | ૨૩ |
| (૧૨) | ફોર્મ સી. | ૨૪ - ૨૫ |
| (૧૩) | ફોર્મ ડી. | ૨૬ |
| (૧૪) | ફોર્મ ઇ. | ૨૭-૨૮ |
| (૧૫) | વિકાસ નિયંત્રણ ના નિયમ | ૨૯ થી ૫૧ |
| (૧૬) | જમીન વપરાશ દર્શાવતું પત્રક | ૫૨ |
| (૧૭) | જમીન વપરાશ દર્શાવતો નકશો. | ૫૩ |
| (૧૮) | વિકાસ નકશો. | ૫૪ |

(૧)-૧ માનવી નગરો ઘડે છે નગર માનવી ની પેઢીનું ઘડતર કરે છે.

પરંતુ અવ્યવસ્થિત પણે વિકસેલા નગરો ભવિષ્ય માટે સમસ્યા ઉપસ્થિત કરે છે. શહેર સર્વાંગી વિકાસની સમતુલા જાળવવા માટે ખાસ આયોજન કરવું જરુરી છે. શહેરના ભૌતિક સામાજિક અને આર્થિક વિકાસને ઉચ્ચ શિખરે લઇ જવા આયોજન કરવું જરુરી છે.

વિકાસ નકશો શહેરના પ્રત્યેક પાસાઓને સાંકળી લઇને તેના ઉત્તર વિકાસ માટે તક પુરી પાડે છે. શહેરના પ્રત્યેક વિસ્તારના સુઆયોજન અને સમતુલીત વિકાસ માટે વિકાસ નકશો ઉમદા તક પુરી પાડે છે.

નગર આયોજનનું મહત્વ આધુનિક યુગમાં ક્રમશઃ વધતું જાય છે. સમય ના પ્રવાહ સાથે ઉધોગોનો પણ ઉતરોતર વિકાસ થતો રહયો છે. ઉધોગિક વિકાસની સાથે અનેક સમસ્યાઓનો ઉદ્દભવ થયો છે. વસ્તી વધારાના કારણે સર્વની શહેરોની ગીચતામાં વધારો થઇ રહયો છે. સમસ્યાઓ નિવારવા માટે તથા અવ્યવસ્થિત રીતે વિકાસ પામતા શહેરોનો વ્યવસ્થિત રીતે વિકાસ માટે વિકાસ નકશો મદદરુપ બની રહે છે.

ચોકકસ સમયે તૈયાર કરવામાં આવેલો વિકાસ નકશો ૨૦-૨૫ વર્ષ સુધી કાર્યદિશ હોઇ શકે છે જેમ કે ભવિષ્યમાં કોઇયું કરવું શકય નથી. પરંતુ નગર આયોજન પોતાના જ્ઞાન અને વિજ્ઞાનિક ઢબે તબકકાવાર વિકાસ કાર્યક્રમ પુરો પાડે છે.

નગરોનું આયોજન લોકો માટે કરવામાં આવે છે. માટે શહેરનું સામાજિક તથા આર્થિક પરિસ્થિતિ તથા મુળભુત જરુરીયાતો જેવી કે, પાણી, ગંદકીનો નિકાલ, વાહન વ્યવહાર, સાર્વજનિક સ્થળો, મનોરંજન સ્થળો કેળવણીના સાધનો, વગેરેનો વિકાસ નકશામાં સમાવેશ થાય છે.

ટુંક માં બોટાદ શહેરનો વિકાસ નકશો શહેરનો ઉત્તમ વિકાસ માટે યોગ્ય તક પુરી પાડશે અને શહેરને તંદુરસ્ત અને સુંદર વાતાવરણ પુરું પાડવામાં માર્ગદર્શક બની રહે છે.

## ૧-૨ વિકાસ નકશા નો ઉદ્દેશઃ-

(૧) સલામત અને સરળ વાહન વ્યવહાર.
(૨) તંદુરસ્ત અને સુંદર વાતાવરણ.
(૩) શહેરના સામાજિક તથા આર્થિક વિકાસ ના વેગમાં વધારો.
(૪) જમીન નો કરકસર યુકત ઉપયોગ.
(૫) જાહેર સવલતોની સુયોગ્ય વહેંચણી.
(૬) ઝડપી વસ્તી વધારા ની યોગ્ય વહેંચણી.
(૭) અનિયમિત, અવ્યવસ્થિત ઉધોગીક વિકાસ પર નિયંત્રણ.
(૮) માનવ અને કુદરત વચ્ચે આર્થિક સમતુલન.

શહેર ના બંધારણ તથા આકારને અનુલક્ષીને પ્રત્યેક સમસ્યાઓને નજર સમક્ષ રાખી ને વિકાસ નકશો તૈયાર કરવા માં આવે છે.

બોટાદ શહેર ભાવનગર જિલ્લાના બોટાદ તાલુકાનું વડુ મથક છે. અને રેલ્વે લાઇન પરનું જંકશન છે. ઉતાવળી નદીના કાંઠા પર જિલ્લામાં વસેલા આ શહેરની વસ્તી અને ૧૯૭૧ ની ગણતરી પ્રમાણે ૩૨,૧૭૯ વ્યકિતઓની છે. પથ્થરની ખાણ માટે જાણીતા આ શહેરમાં રુ. કપાસ અને તેલ ઉધોગનો વિકાસ થવા પામેલો છે. આજુ બાજુ ના ગ્રામ્ય વિસ્તારના વ્યાપાર વાણિજય પ્રવૃતિ માટેનું મુખ્ય કેન્દ્ર છે.

## ૧-૩ વિકાસ નકશો તૈયાર કરવા અંગે.

૧-૩(૧) સને ૧૯૬૮, ૧ જુન પહેલા સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં સૌરાષ્ટ્ર ટાઉન

૨

પ્લાનીંગ એકટ ૧૯૫૫ અમલ માં હતો. તેના સ્થાને તા. ૧-૬-૬૮ થી ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારના મુંબઈ નગર આયોજન કાયદો ૧૯૫૪ અમલ માં આવ્યો હતો. હાલ તા. ૧-૨-૧૯૭૮ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અમલ માં છે.

સને૧૯૫૫ સૌરાષ્ટ્ર નગર રચના બાબતના અધિનિયમની કલમ ૪(૧) અન્વયે બોટાદ નગરપાલિકાએ તા. ૩-૩-૬૭ ના ઠરાવ નં. ૧૭૮૧ દ્વારા બોટાદ શહેરનો વિકાસ નકશો તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો હતો જે ગુજરાત સરકારના રાજ્ય પત્ર (ગેઝેટ) ના ૮ માં વોલ્યુમમાં તા. ૩-૫-૧૯૬૭, વૈશાખ ૨૧ સંવત ૧૮૮૯ (નં.૯) ના ભાગ ૪૯/અઅ ૧-૨ મધ્યભાગ ના પૃષ્ઠ નં. ૩૨૮ માં પ્રસિધ્ધ થયો હતો તે અનુસાર તા. ૧-૬-૬૭ થી બે વર્ષ ની સમય મર્યાદામાં બોટાદ શહેરનો વિકાસ નકશો નગર આયોજન અને મુલ્યાંકન ખાતાની મદદ વડે કરવાનો હતો. બોટાદ શહેરનો વિકાસ નકશો તૈયાર કરી પ્રસિધ્ધ કરી સરકારશ્રી ની મંજુરી માટે મોકલવાની ~~પ્રસિ~~ ઉપરોકત સમય મર્યાદા અન્ય કારણોસર સરકારશ્રીએ ઉત્તરોત્તર વધારો કરી આપ્યો હતો. છેલ્લે ગુજરાત રાજ્યના પંચાયત અને આરોગ્ય ખાતા દ્વારા ઠરાવ નં. ડી.વી.પી./ ૨૦૭૩/૫૫૫૧/કયુ તા. ૨-૯-૭૬ પ્રમાણે તા. ૧-૯-૭૬ થી તા. ૨૮-૨-૭૭ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. અને વિકાસ નકશાની પ્રસિધ્ધી પછી બે માસની મુદત સુધી લોકોના સુચન સ્વીકારવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે.

## ૧-૪ 'કાયદાની વિધિઓ'

(૧) સને ૧૯૬૮ પહેલી જુનથી ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારમાં મુંબઈ નગર આયોજન ૧૯ કાયદો ૧૯૫૪ અમલમાં હતો. એ અગાઉ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌરાષ્ટ્ર ટાઉન પ્લાનીંગ એકટ ૧૯૫૫ અમલી હતો.

(૨) તા. ૩-૩-૬૭ ના રોજ ઠરાવ નં. ૧૭૮૧ પ્રમાણે બોટાદ નગરપાલિકાએ બોટાદ શહેરનો વિકાસ નકશો બનાવવાનો ઇરાદો જાહેર કર્યો હતો.

(૩) ત્યારબાદ તા. ૧-૨-૭૮ થી મુંબઈ નગર રચના અધિનિયમ ૧૯૫૪ ને બદલે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ગુજરાત રાજ્યમાં દાખલ કરવામાં આવેલ છે. અને આ અધિનિયમની કલમ ૧૩ મુજબ બોટાદના મુસદ્દારુપ વિકાસ નકશો સરકારશ્રી માં સાદર કરવાનો અને જાહેર જનતાના વાંધા સુચનો માટે પ્રસિધ્ધ કરવાનું આજ અધિનિયમ ની કલમ ૬(૧) મુજબ બનેલી આયોજન સમીતીએ તેની તા. ૭-૬-૭૯ ના અ.ઠ.નં.૭૩૪ ઠરાવ નં. થી નક્કી કર્યું છે.

(૪) તા. ૨૮/૬/૭૯ ના દૈનિક સૌરાષ્ટ્ર સમાચાર પત્રમાં મુસદ્દારુપ વિકાસ નકશા માટે જાહેર વાંધા/સુચનો માટે જાહેરાત આપવામાં આવેલ હતી.

(૫) તા. ૧૪-૬-૭૯ ના ગુજરાત રાજ્યના અસાધારણ સભા પત્ર ભાગ ૨ માં મુસદ્દારુપ વિકાસ નકશા માટે જાહેર વાંધા/સુચનો માટે જાહેરાત આપવામાં આવેલ હતી.

(૬) તા.૨૯-૧૨-૭૯ ની આયોજન સમિતિની ~~બેઠક માં~~ ઠરાવ ક્રમાંક.૩.૪ થી મુસદ્દારુપ વિકાસ નકશો નજીવા ફેરફાર સાથે મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાનું ઠરાવવામાં આવ્યું.

## -પ્ર.ક.ર.ણ.:-૩

### ૨-૧ બોટાદ શહેરનો ઉદ્ભવ અને વિકાસઃ

બોટાદ શહેરનું જુનું ગામતળ સુંદર ટેકરી ધરાવે છે. શહેરની સ્થાપના કિલ્લાના ઝાંપાઓ બે કરી ઘેરાયું હોય છે. કિલ્લાના ઝાંપાઓ ભાવડ-પ્રવેશમાર્ગના ભાગરૂપ હતા. જુનું ગામતળ ક્રિડા આકાર ધરાવે છે.

સમયના પ્રવાહ સાથે ક્રમશઃ કિલ્લા ની બહારના વિસ્તારનો વિકાસ થતો રહ્યો છે. રેલ્વે સ્ટેશનની સ્થાપના બાદ ગામતળ અને રેલ્વે સ્ટેશન વચ્ચેના વિસ્તારો ઝડપથી વિકાસ થવા પામ્યો છે.

### ૨-૨ વસ્તી અને વિકાસઃ

જુના ગામતળ વિસ્તારમાં વસ્તીની ઘનતા પ્રતિ હેક્ટરે ૩૦૦ થી ૩૫૦ વ્યક્તિઓની છે. રસ્તાઓ સાંકડા, અવ્યવસ્થિત અને આયોજન વગરના છે. ગામતળની બહાર વિકાસ પામેલા વિસ્તારની ઘનતા વધવાને કારણે ગામતળની બહાર નવો વિકાસ થવા પામ્યો છે.

### ૨-૩ રહેણાંક વિસ્તારનો વિકાસઃ-

જુનાગામતળ મુખ્ય વિકાસ રહેણાંક વિસ્તાર તરીકે થવા પામ્યો છે. થોડે અંશે મુખ્ય રસ્તાઓ ઉપર વ્યાપાર વાણિજ્ય પ્રવૃત્તિનો વિકાસ થવા પામ્યો છે.

કિલ્લા ની બહાર પરંતુ ગામતળ ની નજીક ના વિસ્તાર માં દક્ષિણ દિશા સિવાય અન્ય ત્રણે દિશાઓમાં નવા રહેણાંક વિસ્તારનો વિકાસ થવા પામ્યો છે. હાલમાં હાઉસિંગ સોસાયટીઓ ગામતળની બહારના વિસ્તારના વિકાસ પામી રહી છે.

### ૨-૪ ઔદ્યોગિક વિસ્તારનો વિકાસઃ

રેલ્વે સ્ટેશનની સવલત પ્રાપ્ય થવાને કારણે ગામતળથી ઉત્તર દિશામાં રેલ્વે સ્ટેશનની આજુબાજુના વિસ્તારમાં અનેક ઉદ્યોગો વિકાસ પામ્યા છે. જેમાં કોટન જીનીંગ પ્રેસીંગ મીલ, ઓઈલ મીલ, તથા ટેક્ષટાઈલ ઉદ્યોગનો સમાવેશ થાય છે.

### ૨-૫ વ્યાપાર, વાણિજ્ય પ્રવૃત્તિઓનો વિકાસઃ

જુનાગામતળ ના મુખ્ય માર્ગોની બન્ને બાજુએ તથા ગામતળની બહાર રેલ્વે સ્ટેશન ના વિસ્તારમાં વ્યાપાર વાણિજ્ય પ્રવૃત્તિઓનો વિકાસ થવા પામ્યો છે. ગામતળ અને સ્ટેશન ને જોડતા સ્ટેશન રોડ તથા સારંગપુર રોડ ના જોડાણના સાર્વજનિક ચકાની નો વિકાસ થવા પામ્યો.

..૪..

૪

## પ્રકરણ - ૩

### ૩-૧ બોટાદ શહેરની ભૌગોલીક સિથતિ.

૩-૧(૧) બોટાદ શહેર ભાવનગર શહેરની વાયવ્ય દિશામાં ૯૩ કિ.મી. દૂર ઉનાવળી નદી ઉપર કિલ્લાની સુરક્ષિત દિવાલો વચ્ચે વિકાસ પામ્યો છે. અને ભાવનગર-સુરેન્દ્રનગર મીટર ગેજ રેલ્વે લાઇન પરનું જંકશન છે. જયાંથી એક રેલ્વે શાખા જસદણ તરફ દોરાય છે. તેમજ અમદાવાદ શહેર સાથે રેલ્વેથી જોડાયેલ છે.

બોટાદ શહેરથી જિલ્લા મથક ભાવનગર અને રાજયનું વડુમથક ગાંધીનગર રસ્તા દ્વારા અનુક્રમે ૯૩ અને ૧૯૭ કી.મી. દૂર છે.

બોટાદ શહેર રસ્તા દ્વારા સૌરાષ્ટ્રના અન્ય શહેરો રાજકોટ, પાળીયાદ, ગઢડા, બરવાળા, ધંધુકા અને અમદાવાદ સાથે માર્ગવાહન વ્યવહારથી સંકળાયેલું છે.

૩-૧(૨) બોટાદ શહેરની ૧૬ કિ.મી. આજુબાજુના વિસ્તારમાં આવતા ગામોનો અભ્યાસ કરતા જણાયું છે કે, બોટાદ સિવાય આજુબાજુ ૧૬ કિ.મી. વિસ્તારમાં ૫૦૦૦ વ્યકિતઓથી વધારે વસ્તી ધરાવતું એક માત્ર ગામ પાળીયાદ છે. ૫૦૦૦ વયકિતઓથી ઓછી પરંતુ ત્રણ હજાર વયકિતઓથી વધારે વસ્તી ધરાવતા ગામોની સંખ્યા ૨ છે. ૩૦૦૦ થી ઓછી પરંતુ ૧૦૦૦ થી વધારે વસ્તી ધરાવતા ગામોની સંખ્યા ૧૦ ગામોની છે. જયારે ૨૬ જેટલા ગામો ૧૦૦૦ વ્યકિતઓથી ઓછી વસ્તી ધરાવે છે. આ ઉપરથી દર્શાય છે કે વસ્તીની દ્રષ્ટીએ બોટાદ શહેરની આજુબાજુના ગામોનો યોગ્ય વિકાસ થવા પામ્યો નથી અને એ વિસ્તારમાં બોટાદ શહેર મહત્વનું સ્થાન ધરાવે છે.

### ૩-૨ જમીન નું સ્તર.

સૌરાષ્ટ્રના અન્ય વિસતારોની જેમ બોટાદ શહેરની આજુબાજુનો વિસ્તાર ખડકાળ છે. અને બાંધકામમાં વપરાતા પથ્થર સિવાય અન્ય કોઇ ખનીજ સંપતી ધરાવતો નથી. આ વિસ્તાર મધ્યમ કક્ષાની કાળી માટી ધરાવે છે જે કપાસ તથા તેલબીયાની ખેતી માટે અત્યંત અનુકુળ છે.

### ૩-૩ હવામાન.

સામાન્ય રીતે બોટાદ શહેરમાં પ્રતિ વર્ષ જુન માસથી સપ્ટેમ્બર માસ દરમ્યાન વર્ષા ઋતુ ઓકટોબર માસ થી જાન્યુઆરી માસ ના અંતિમ ભાગ સુધી શિયાળો તથા ફેબ્રુઆરી માસ થી મે માસ સુધી ઉનાળો હોય છે.

બોટાદ શહેરમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વર્ષ દરમ્યાન સપ્ટેમ્બર માસમાં સૌથી વધારે હોય છે. જયારે મે માસમાં ભેજનું પ્રમાણ વર્ષ દરમ્યાન સૌથી ઓછું હોય છે.

સામાન્ય રીતે વર્ષ દરમ્યાન વધારે સમય માટે પવન દક્ષિણ-પશ્ચિમ દિશામાં ફુંકાય છે.

### ૩-૪ વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર:-

#### ૩-૪(૧) બાહય રસ્તાઓની ગુંથણી.

બોટાદ શહેર ભાવનગર જિલ્લા તથા સૌરાષ્ટ્રના અન્ય શહેરો સાથે રસ્તાઓ તથા

રેલ્વે માર્ગે ખાસ સારી રીતે સંકળાયેલું છે.

બોટાદ શહેર થી દક્ષિણ તરફ જતો રાજ્ય ધોરી માર્ગ ગઢડા સુધી સંકળાય છે. શહેરની ઉત્તર-પશ્ચિમ તરફ જતો કોન્ટ્રાકટ રોડ જસદણ તરફ સંકળાય છે. જ્યારે પૂર્વ તરફ જતો કોન્ટ્રાકટ રોડ વલ્લભીપુર તરફ સંકળાય છે. આ સિવાય અન્ય કાચા રસ્તાઓ નજીક ના ગ્રામ્ય વિસ્તાર સાથે સંકળાયેલા છે. બોટાદ શહેરની નગરપાલિકાની હદ માં આવતા રસ્તાઓની કુલ લંબાઈ ૨૮.૬૩ માઈલ છે. જેમાંથી ૭.૪૯ માઈલ પાકા રસ્તા અને ૨૧.૧૪ માઈલ કાચા રસ્તાઓ છે.

બોટાદ શહેર ના રેલ્વે સ્ટેશનથી ઉત્તર અને દક્ષિણ દિશા તરફ જતી રેલ્વે લાઈન અનુક્રમે સુરેન્દ્રનગર અને ધોળા તરફ સંકળાઈ છે. રેલ્વે લાઈનની એક બીજી શાખા રેલ્વે સ્ટેશનથી થોડા અંતરે દક્ષિણ તરફ જઈ વર્તુળાકારે ફરીથી ઉત્તર તરફ વળીને ધંધુકા અમદાવાદ સંકળાઈ છે. રેલ્વે સ્ટેશન થી પશ્ચિમ તરફ જતી બીજી રેલ્વે લાઈન જસદણ તરફ સંકળાઈ છે. સંદેશા વ્યવહાર માટે ટેલીફોન એક્ષચેન્જની સવલત પ્રાપ્ય છે.

## ૩-૫ કેળવણી:

આજુબાજુના વિસ્તાર માટે બોટાદ શહેર કેળવણી માટેનું મહત્વનું કેન્દ્ર છે. શહેર માં એક આર્ટસ અને કોમર્સ કોલેજ છે. કુમારોની પ્રાથમિક કેળવણી માટે અલગ-અલગ વિસ્તાર માં ૭ પ્રાથમિક શાળાઓ છે. શાળાનું સંચાલન નગરપાલીકા દ્વારા થાય છે. કન્યાઓ માટે અલગ પ્રાથમિક શાળાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. શહેર માં કુલ ૨ કન્યાશાળાઓ છે. આ ઉપરાંત બીજી બે પ્રાથમિક શાળા છે.

બોટાદ શહેરમાં એક માધ્યમિક શાળા છે જેમાં માધ્યમિક શિક્ષણનો લાભ લે છે. આ રીતે બોટાદ શહેરમાં કેળવણી માટે પુરતી સવલત ઉપલબ્ધ છે.

## ૩-૬. ઉદ્યોગ અને વ્યાપાર. :-

બોટાદ શહેરમાં નાના મોટા પાયા ઉપર ઉદ્યોગો અને વ્યાપાર પ્રવૃત્તિનો વિકાસ થવા પામ્યો છે. વિકાસ પામેલા મુખ્ય ઉદ્યોગોમાં ઓઈલ મીલ, જીનીંગ ફેકટરીઓ, કાપડ ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે.

ઉદ્યોગ અને વ્યાપારની મુખ્ય પ્રવૃત્તિ સ્ટેશન રોડ અને સ્ટેશનની આજુબાજુના વિસ્તારમાં મુખ્ય વિકાસ પામી છે.

ગામતળના મુખ્ય રસ્તાઓ ઉપર ગામતળની બહાર સ્ટેશન રોડ ઉપર વ્યાપારીક પ્રવૃત્તિઓનો વિકાસ થવા પામ્યો છે. બોટાદ શહેર આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર માટે વ્યાપાર, વાણિજ્ય પ્રવૃત્તિ માટે મહત્વનું કેન્દ્ર છે. બોટાદ શહેરમાં એક વાણિજ્ય કેન્દ્ર, (માર્કેટીંગ યાર્ડ) પણ આવેલું છે. જેમાં ખેતી પેદાશની ખરીદી તથા વેચાણ થાય છે.

## ૩-૭. તબીબી સવલત. :-

જનરલ હોસ્પીટલ અને પ્રસુતિગૃહનું સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. બોટાદ શહેર ઉપરાંત આજુબાજુના વિસ્તારના લોકો પણ આ સેવાનો લાભ પ્રાપ્ત કરે છે. અને દવાખાનામાં જાહેર આરોગ્ય રક્ષણ માટે જરુરી બધી સવલત પ્રાપ્ત છે. જનરલ હોસ્પીટલમાં દરદીઓની સારવાર કરવા માટે સગવડ છે. જ્યારે પ્રસુતિગૃહમાં પણ સગવડ છે.

# પ્ર ક ર ણ - ૪.

## બોટાદ શહેરનો સામાન્ય અભ્યાસ અને સર્વેક્ષણો.

### ૪ - ૧. બોટાદ શહેરની ભૌતિક સ્થીતી.

૪ - ૧. (૧) બોટાદ શહેરનું જુનું ગામતળ ઉતાવળી નદીની મુખ્ય શાખાના ઉતર કાંઠા ઉપર વસેલું છે. શહેરનો મુખ્ય વિકાસ ઉતાવળી નદીની ઉતર બાજુએ સ્ટેશન રોડ પર પટ્ટી આકારમાં ( લીનીયર ફોર્મ ) થવા પામ્યો છે.

૪ - ૧ (૨) ગામતળ અને રેલ્વે સ્ટેશનને જોડતા સીમેન્ટના માર્ગ ઉપર શહેરનો મુખ્ય વિકાસ થવા પામ્યો છે. રેલ્વે સ્ટેશનની આસપાસ નાના મોટા ઉધોગો વિકાસ પામ્યા છે અને અનેક નવા ઉધોગો વિકાસ પામી રહયા છે.

ઉતાવળી નદીના બન્ને કાંઠાઓને જોડતી કોઝવે બાંધવામાં આવતા આવતા ઉતાવળી નદીની દક્ષિણ તરફનો ભાગ વિકાસ પામી રહયો છે જે નવાપરા વિસ્તાર તરીકે ઓળખાય છે.

શહેરની ઉતર-પુર્વ દિશામાં પાળીયાદ રોડ ઉપર આર્ટસ અને કોમર્સ કોલેજનું નવું મકાન બાંધવામાં આવ્યું છે. આ ઉપરાંત આ રોડ ઉપર માર્કેટીંગ યાર્ડ પણ આવેલો છે.

રેલ્વે સ્ટેશન નજીક, સ્ટેશન રોડ ઉપર બે જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેકટરી તથા ટેકસ ટાઇલ મીલ આવેલી છે. રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન શહેરના ઉતર છેડા ઉપર આવેલા છે.

પાવર હાઉસ અને પાંજરાપોળ નવાપરા વિસ્તારમાં આવેલા છે. શહેરની પૂર્વ દિશામાં હેવી ઓઇલ ઉધોગો તથા પથ્થરની ખાણનો વિકાસ થવા પામ્યો છે.

૪ - ૧ (૩) સમગ્ર ગામતળ વિસ્તાર ગીચ વસ્તી ધરાવે છે. ગામતળના રસ્તાઓ, અવ્યવસ્થિત અને સાંકડા છે. ગામતળની બહાર વિકાસ પામેલા ' નવાપરા ' વિસ્તાર, હરિજન - ભારત કો.ઓ.હા.સો. સોસાયટી ભગવતી પરા અને પટેલ સોસાયટી વગેરે અનુક્રમે ગામતળની ઉતર બાજુની XXXX XXX બાજુ તથા રેલ્વે સ્ટેશનની પશ્ચિમ બાજુએ, શહેરની પશ્ચિમ બાજુએ, ગામતળની પશ્ચિમ બાજુએ, નદીની દક્ષિણ બાજુએ અને નાગલપુર દરવાજા પાસે વિકાસ પામ્યો છે.

નવો વિકાસ પામેલો વિસ્તાર ગામતળના પ્રમાણમાં સુ-આયોજીત છે. શહેરના મધ્ય ભાગમાંથી અનેક રસ્તાઓ સુર્યના કિરણની જેમ વિકાસ પામ્યા છે. અને મુખ્ય કેન્દ્ર નજીક શાકમારકેટ વ્યાપાર કેન્દ્ર, સિનેમા, બેન્ક, દવાખાના, બગીચો, પોસ્ટ ઓફીસ વગેરે આવેલા છે.

૪-૧ (૪) બોટાદ નગરપાલિકા દવારા એક નાના પરંતુ સુંદર બગિચાનું સંચાલન કરવામાં આવે આવે છે. જે સ્ટેશન રોડ પર બોટાદ હાઇસ્કુલ નજીક આવેલું છે. બગિચામાં એક રેડીયો સેટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## ૪-૧ વસ્તી

૪-૨(૧) xxx(x) સને ૧૯૭૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે બોટાદ શહેરની વસ્તી ૩૨,૧૭૯ વ્યક્તિઓની છે. અને ૧૯૬૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે બોટાદ શહેરની વસ્તી ૨૬,૧૬૮ વ્યક્તિઓની હતી. આમ સને ૧૯૭૧ વચ્ચેના ૧૦ વર્ષના સમય દરમ્યાન બોટાદ શહેરની વસ્તીનો ૬૦૧૧ વ્યક્તિઓનો કેટલેક કે ૨૩.૦૦ ટકા (%) વસ્તી વધારો નોંધાયો છે.

૪-૨-૨ બોટાદ શહેરના છેલ્લા નવ દાયકાઓની વસ્તી ના આંકડાઓનો અભ્યાસ કરતા દર્શાય છે કે સને ૧૮૮૧ અને ૧૮૯૧ દરમ્યાન વસ્તીમાં ઘટાડો થવા પામ્યો હતો. ત્યાર બાદ સને ૧૯૭૧ સુધી બોટાદ ની વસ્તીમાં ઘટાડો થવા પામ્યો નથી. સને ૧૯૨૧ અને ૧૯૩૧ દરમ્યાન ૩૧.૫૬ ટકા વસ્તી વધારો નોંધાયો હતો. ઔદ્યોગિક વિકાસના અનુસંધાનમાં આ વધારો થવા પામ્યો હોય તેવું અંદાજી શકાય છે. ત્યારબાદ xxxx xxxx શહેરીકરણ અને ઔદ્યોગિક કરણની અસર નીચે બોટાદ શહેરની વસ્તી માં ઉપરોતર વધારો નોંધાતો રહ્યો છે ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીનો સરેરાશ વસ્તી વધારો ૧૭.૧૧ ટકા જેટલો નોંધાયો છે.

૪-૨-૩ છેલ્લા ~~બોટાદ~~ દશ વર્ષમાં જન્મ મરણના આંકડાઓનો અભ્યાસ કરતા દર્શાય છે કે, બોટાદ શહેરનો સરેરાશ જન્મ અને મરણ અનુક્રમે ૮૬૮ અને ૮.૩ છે.

છેલ્લા દશ વર્ષમાં જન્મ પામેલી વ્યક્તિઓની સંખ્યામાંથી મરણ પામેલી વ્યક્તિઓની સંખ્યાને બાદ કરી તેને સને ૧૯૬૧ ની વસ્તીમાં ઉમેરીને સને ૧૯૭૧ ની વસ્તી સાથે સરખાવતા દર્શાય છે કે ઉદ્યોગોને કારણે બહારથી આવી બોટાદમાં વસવાટ કરનાર લોકોની સંખ્યા ઘણી વધારે છે.

૪-૨-૪ બોટાદ શહેર માં થયેલા વસ્તી વધારાને ભાવનગર જિલ્લાના અન્ય શહેરો સાથે સરખાવતા દર્શાય છે કે સને ૧૯૦૧ અને ૧૯૧૧ દરમ્યાન દશ વર્ષમાં ભાવનગર શહેરમાં સૌથી વધારે વસ્તી વધારો નોંધાયો હતો. બોટાદ શહેરનું સ્થાન બીજું હતું એ સમય દરમ્યાન મહુવા શહેરની વસ્તીમાં ઘટાડો થવા પામ્યો હતો. સને ૧૯૧૧ થી ૧૯૨૧ દરમ્યાન ભાવનગર મહુવા અને પાલીતાણા શહેરની વસ્તીમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે એ સમયમાં બોટાદ શહેરની વસ્તીમાં વધારો નોંધાયો હતો. આ ઉપરથી ફલીત થાય છે કે તે સમય દરમ્યાન આજુબાજુના વિસ્તારમાંથી બોટાદમાં આવીને લોકોએ વસવાટ કર્યો છે.

## ૪-૩ 'જાતીય પ્રમાણ'

૪-૩-૧ સને ૧૯૭૧ ની વસ્તીગણત્રી પ્રમાણે બોટાદ શહેરમાં ૩૨,૧૭૯ વ્યક્તિઓની વસ્તી માંથી પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૧૬,૭૨૦ અને ૧૫,૪૫૯ છે. એટલેકે પ્રતિ ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૨૫ વ્યક્તિઓની છે. બોટાદ શહેરના જાતીય પ્રમાણની સરખામણીએ બોટાદ તાલુકા ભાવનગર જિલ્લા, તથા ગુજરાત રાજ્ય નું જાતીય પ્રમાણ અનુક્રમે ૯૪૬, ૯૪૫ અને ૯૩૦ છે. આમ પુરુષોની સરખામણી ને બોટાદ શહેરમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. આ ઉપરથી અંદાજ લગાવી શકાય છે કે બહારથી આવીને રોજગારી માટે પુરુષોએ બોટાદ શહેરમાં વસવાટ કર્યો છે.

૪-૩-૨ વયની દ્રષ્ટિએ બોટાદ શહેરના પુરુષો અને સ્ત્રીઓની વસ્તિનો અભ્યાસ કરતા દર્શાયું છે કે, કુલ ૧૬,૭૨૦ પુરુષોની સંખ્યામાંથી ૦ થી ૧૪,૧૫ થી ૧૯ અને ૩૦ થી ૩૯ વર્ષની

વયના પુરુષોનું પ્રમાણ અન્ય વયના પુરુષો ની સરખામણીમાં વધારે છે જે અનુક્રમે ૪૫.૩૧%, ૧૪.૨૭% અને ૧૨.૧૨% છે.

કુલ ૧૫૪૫૯ સ્ત્રીઓની સંખ્યામાંથી ૦ થી ૧૪,૧૫ થી ૧૯ અને ૩૦ થી ૩૯ વર્ષની વયની સ્ત્રીઓનું પ્રમાણ અન્ય વય ની સ્ત્રીઓની સરખામણીમાં વધારે છે. જે અનુક્રમે ૪૩.૭૯% ૯.૬૯% અને ૧૨.૨૮% છે.

૪-૪ **અક્ષર જ્ઞાનઃ-**

૪-૪-૧ બોટાદ શહેર ના કેળવણી ના સ્તર અંગે જાણકારી મેળવવા માટે અલગ અલગ ક્રમે અન્ય શહેરોના શિક્ષણનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

સને ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે બોટાદ શહેર બોટાદ તાલુકા, ભાવનગર જિલ્લા તથા ગુજરાત રાજય અક્ષર જ્ઞાનનો દર અનુક્રમે ૫૭.૫૭%, ૩૨.૩૩% અને ૩૫.૭૯% નોંધાયો છે. આ રીતે બોટાદ શહેરમાં શિક્ષણનું સ્તર ઘણું ઉંચું છે. બોટાદ તાલુકા, ભાવનગર જિલ્લા અને ગુજરાત રાજયની સરખામણીમાં બોટાદ શહેરમાં અક્ષરજ્ઞાનનો દર ઘણો વધારે છે.

૪-૪-૨ અભ્યાસ માટે પુરતી કેળવણી સંસ્થાઓ હોવાને કારણે બોટાદ શહેરનું શિક્ષણનું સ્તર ઘણું ઉંચું રહ્યુ છે. આજુબાજુમાં ગ્રામ્ય વિસ્તારને પણ બોટાદ શહેરમાં પ્રાપ્ત થતી શિક્ષણીક સવલતોનો લાભ મળે છે.

૪-૫ **'વસ્તી ની ઘનતા'**

૪-૫-૧ જુનું ગામતળ વિસ્તાર અતિ ગીચ વસ્તી ધરાવે છે. વોર્ડ નં. ૨,૩ અને ૪ માં પ્રતિ હેકટરે ૩૦૦ થી વધારે વ્યક્તિઓની ઘનતા છે. જયારે વોર્ડ નં. ૧ માં વસ્તીની ઘનતા પ્રતિ હેકટરે ૨૦૦ વ્યક્તિઓથી વધારે વ્યક્તિઓની પ્રમાણ ની છે. આ સિવાય અન્ય વિસ્તારમાં વસ્તીની ઘનતા પ્રતિ હેકટરે ૧૦૦ થી ૧૫૦ વ્યક્તિઓની છે.

૪-૫-૨ બોટાદ શહેરની કુલ વસ્તીની ઘનતા પ્રતિ હેકટરે ૩૧ વ્યક્તિઓની છે.

ગામતળની બહાર વિકાસ પામેલા નવા વિસ્તારમાં વસ્તીની ઘનતા ગામતળના પ્રમાણમાં ઘણી ઓછી છે.

૪-૬ **'ગૃહ નિર્માણ':**

૪-૬-૧ ગામતળ વિસ્તારમાં જુની ઢબના મકાનો આવેલા છે. દેશી નળીયાના છાપરા તથા પત્થરની દિવાલો વડે બાંધવામાં આવેલા મકાનો જીર્ણ હાલતમાં છે. મકાનોનું આયોજન વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું નથી. મકાનો એકરુપ કે સુસંગતા જળવાયેલ નથી.

ગામતળ વિસ્તારમાં સામાન્ય રીતે ફકત એક માળના મકાનો નું બાંધકામ થયેલ જણાય છે. થોડા પ્રમાણમાં બે માળ ના મકાનો જોવા મળે છે. આ રીતે વધારે માળના મકાઓ ના અભાવે ગામતળમાં વસ્તીની ઘનતાનું પ્રમાણ ઘણું જ ઉંચું રહ્યું છે.

ગામતળની બહાર સોસાયટીઓનો ગામતળની સરખામણીએ વ્યવસ્થિત રીતે વિકાસ થઈ રહ્યો છે. ગૃહનિર્માણ પ્રવૃત્તિમાં વેગનો નો અભાવ છે. સમયના પ્રવાહ સાથે દેશી નળીયાને સ્થાને રીઈન્ફોર્સ સીમેન્ટ ના છાપરાઓ બાંધવામાસ આવી રહ્યા છે. પુષ્કળ પ્રમાણમાં પત્થર ઉપલબ્ધ થતો હોવાને કારણે ચણતર કામ માં પત્થર નો ઉપયોગ થાય છે.

૪-૭ **વ્યાવસાયિક માળખું:-**

૪-૭-૧ સને ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં અલગ અલગ વ્યવસાયમાં કામ કરનારા લોકોનું પ્રમાણ કુલ વસ્તીના ૩૨.૯૨% જેટલું હતું જ્યારે ગુજરાત રાજ્ય ભાવનગર જિલ્લો બોટાદ તાલુકો અને બોટાદ શહેરમાં અલગ અલગ વ્યવસાયમાં કામ કરનારા લોકોનું પ્રમાણ અનુક્રમે કુલ વસ્તીના ૩૧.૪૫%, ૨૯.૫૫%, ૨૮.૦૦% અને ૨૬.૯૬% અનુક્રમે નોંધાયું છે.

૪-૭-૨ ૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્ય ની કુલ વસ્તી માં થી કામ કરનાર લોકોનું પ્રમાણ ૩૨.૫૦% છે. જ્યારે ભાવનગર જિલ્લા, બોટાદ તાલુકા અને બોટાદ શહેર માં કુલ ખેતીવાડી કામ કરનારાઓનું પ્રમાણ અનુક્રમે ૬૨.૧૫%, ૬૨.૭૦% અને ૨૫.૦૨% છે.

આમ બોટાદ શહેરમાં ખેતી ઉદ્યોગ માં કામકરનારા લોકોનું પ્રમાણ અન્ય શહેરો કરતા ઘણું ઓછું થોડું છે. બોટાદ શહેરમાં ખેત મજુરી કરતા અન્ય મજુરો ની સંખ્યા વધુ છે. તેનું કારણ શહેરમાં આવેલા ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ, અને સરકારી કચેરીઓ છે.

૪-૩-૩ સને ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે બોટાદ શહેરમાં અલગ અલગ વ્યવસાય માં કામ કરનારાઓની માહિતી પત્રક નંબર માં દર્શાવવામાં આવી છે. ખેતી, ખેતી મજુરી, પશુપાલન, ખાણ ઉદ્યોગ, ઉત્પાદન અને સર્વિસિંગ ગૃહ ઉદ્યોગો, બાંધકામ વ્યાપાર, વાણિજ્ય, વાહન વ્યવહાર અને અન્ય સેવાઓમાં કામ કરનારાઓની ટકાવારી અનુક્રમે ૧૮.૦૭%, ૩.૦૬% ૦.૩૦%, ૪.૪૪% ૧૫.૩૫% ૩.૦૭%, ૧૯.૩૧% ૧૨.૬૦% અને ૧૬.૬૩% છે.

ઉપર દર્શાવેલ ટકાવારી ના આધારે જાણી શકાય છે કે વ્યાપાર-વાણિજ્ય પ્રવૃત્તિ અને ગૃહ ઉદ્યોગ પ્રવૃત્તિઓનો અન્ય વ્યવસાય કરતા વધારે વિકાસ થવા પામ્યો છે.

૪-૭-૪ બોટાદ શહેરમાં કામકરનારાઓની સાથે પાલીતાણા, ભાવનગર અને મહુવા શહેરમાં કામ કરનારા સાથે સરખામણી દર્શાવે છે કે બોટાદ શહેરમાં ઔદ્યોગિક વ્યવસાયમાં કામકરનારાઓનું પ્રમાણ ઉપર દર્શાવેલ અન્ય પ્રત્યેક શહેરો કરતા વધારે છે. પરંતુ કુલ કામ કરનારાઓની સરખામણીએ માત્ર ૨૫% જેટલું છે. આ સિવાય અન્ય શહેરોની જેમ ગૃહ ઉદ્યોગ, વ્યાપાર, વાણિજ્ય અને વાહન વ્યવહારના વ્યવસાયમાં મોટા ભાગના કામ કરનારાઓ રોકાયેલા છે.

૪-૭-૫ બોટાદ શહેરમાં મુખ્ય ઉદ્યોગમાં ઓઈલ મીલ, જીનીંગ એન્ડ પ્રેસીંગ મીલ, ટેક્ષટાઈલ ફેકટરી અને પથ્થરની ખાણના ઉદ્યોગનો સમાવેશ થાય છે. પથ્થરની ખાણમાં આશરે ૩૦૦ જેટલા કારીગરોને રોજગારી મળી છે. શહેરમાં કુલ ૨૧ જેટલા નાના મોટા ઉદ્યોગો પ્રસ્થાપીત છે.

૪-૮ **સાર્વજનિક સવલતો:**

૪-૮-૧ બોટાદ શહેરની જાહેર સવલતો જેવીકે શાળાઓ ભાલભોર, સિનેમા ગૃહ, પોસ્ટ ઓફીસ, બગીચાઓ, દવાખાનાઓ, પુસ્તકાલયો, સ્નાનગૃહો, બેંક, શાક બજાર અને અન્ય સેવાઓ ઉપલબ્ધ છે.

૪-૮-૨ બોટાદ શહેરમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણની સવલત ઉપલબ્ધ છે. રાજ્ય સરકાર દ્વારા ૬ દવાખાનાઓનું સંચાલન કરવામાં આવે છે આ સિવાય ઉપરાંત અને પ્રાઈવેટ ડીસ્પેન્સરીઓ પણ આવેલ છે. શહેર માં ૨ પુસ્તકાલયો છે. ૪ બેંકો છે. બે સિનેમા ગૃહ, એક પોસ્ટ ઓફીસ, એક કોલેજ અને એક નાનો બગીચાની સવલત છે. શહેર માં રમત ગમતના મેદાનો તથા મનોરંજન માટે પુરતા સ્થળો નથી.

## ૪-૯ 'આરોગ્ય અને સ્વચ્છતા'

૪-૯-૧ શહેરના આરોગ્ય અને સ્વચ્છતા ની જાળવણી માટે બોટાદ નગરપાલીકા દ્વારા વ્યવસ્થા કરાવામાં આવે છે. બોટાદ નગરપાલીકા સ્વચ્છતાની જાળવણી માટેના સાધનોથી સુસજ્જ છે.

ગંદા પાણી ના નિકાલ માટે બંધ ગટરીના અભાવને કારણે સ્વચ્છતાનું ધોરણ યોગ્ય રીતે જળવાયું નથી. ગાડા દ્વારા ગંદા કચરાનો નિકાલ કરવામાં આવે છે. લોકો પણ સ્વચ્છતાનું ધોરણ જાળવવામાં અસાવધાન રહી ગંદા કચરાને ખુલ્લા રસ્તા પર ફેંકવાની ટેવ ધરાવે છે. મચ્છરો અને માખીનો પ્રતકાર કરવા માટે નગરપાલીકા દ્વારા અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

૪-૯-૨ શહેરના મોટાભાગ ના લોકો સ્વતંત્ર સેપ્ટીક ટેંક વાળા જાજરુ ધરાવતા નથી. નગરપાલીકા દ્વારા શહેર જનતાના લાભાર્થે ૧૩ જેટલા સ્થળોએ આશરે ૧૩૪ જેટલા બાથરુમો અને સંડાસ બાંધવામાં આવ્યા છે.

૪-૯-૩ રાજ્ય સરકાર દ્વારા આરોગ્યના રક્ષણાર્થે એક જનરલ હોસ્પીટલનું સંચાલન કરવામાં આવે છે. આ ઉપરાંત સ્ત્રીઓ માટે પ્રસુતિગૃહની પણ વ્યવસ્થા છે. જે સ્ટેશન રોડ ઉપર આવેલ છે. અને આધુનીક સગવડ ધરાવે છે. તબીબો અને દવાખાનામાં કામ કરતા કર્મચારીઓ માટે મકાનો ની વ્યવસ્થા દવાખાનાની નજીક જ કરવામાં આવી છે.

એકંદરે આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટીએ બોટાદ શહેરમાં પુરતી વ્યવસ્થાનો અભાવ છે.

૪-૯-૪ બોટાદ શહેરના જુનાગામતળ અને સ્ટેશનને જોડતો ટાવર રોડ સીમેન્ટ વડે બનાવવામાં આવ્યો છે. જ્યારે ગામતળના અને બહારના અન્ય રસ્તાઓ પાકું બાંધકામ ધરાવતા નથી. રસ્તાઓની સફાઈનું કામ નગરપાલીકા દ્વારા કરવામાં આવે છે. નગરપાલીકા દ્વારા રસ્તાઓ ઉપર દીવા બત્તીની સગવડતા કરવા માં આવી છે.

## ૪-૧૦ બગીચાઓ, રમત ગમત ના મકાનો અને મનોરંજન સ્થળો.

૪-૧૦-૧ બોટાદ શહેરમાં માત્ર એક જ બગીચો છે. જે સુધરાય બાગ તરીકે ઓળખાય છે. અને સ્ટેશન રોડ ઉપર માધ્યમીક શાળા નજીક આવેલો છે.

નાના પરંતુ સુંદર બગીચાની જાળવણી નગરપાલીકા દ્વારા કરવામાં આવે છે. અને તેમાં એક રેડીયો સેટની ગોઠવણી પણ કર વામાં આવી છે.

૪-૧૦-૨ શહેરમાં માત્ર બે જ સિનેમા ગૃહો આવેલા છે. જે નવા પરા વિસ્તારમાં બજાર થી અંદર ના ભાગે છે. બોટાદ શહેરની વસ્તીના પ્રમાણમાં આ સીનેમા ગૃહ સિવાય, મનોરંજન માટેના સ્થળોનો સદંતર અભાવ છે. રમત ગમત ના ખુલ્લા મકાનોનો પણ પુરતી સવલત નથી.

## ૪-૧૧ શહેરનો આંતરિક અને બાહ્ય વાહન વ્યવહાર:

૪-૧૧-૧ બોટાદ શહેર ભાવનગર જિલ્લા અને સૌરાષ્ટ્રના અન્ય શહેરો સાથે માર્ગ વાહન વ્યવહાર દ્વારા સારી રીતે સંકળાયેલ છે. બોટાદ શહેરમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન દ્વારા એસ.ટી. બસ ની સુવિધા પુરી પાડવામાં આવે છે. બોટાદ

બોટાદ દરેક શહેર સાથે બસની સગવડતા દ્વારા સંકળાયેલ છે. આજુબાજુના અન્ય વિસ્તારનો વાહન વ્યવહાર બોટાદ શહેર ઉપર આધાર રાખે છે. બોટાદ શહેર માં પ્રતિદિન આશરે ૨૫૦૦ મુસાફરો આવે છે.

૪-૧૧-૨ બોટાદ શહેર રેલ્વે માર્ગ દ્વારા ગુજરાત રાજ્ય ના અન્ય શહેરો સાથે સંકળાયેલું છે. બોટાદ રેલ્વે જંકશનની નજીક ના સ્ટેશન જસદણ, લીંબડી, ધંધુકા ધોલેરા છે. રેલ્વે માર્ગ દ્વારા માલ સામાન અને મુસાફરોના સામાનનો નિકાલ થાય છે.

૪-૧૧-૩ ગામતળની જુના કિલ્લાની અંદર આવેલા રસ્તાઓ અવ્યવસ્થિત અને સાંકડા છે. ગામતળ બહારના રસ્તાઓ સીધા તેમજ પુરતી પહોળાઈ વાળા છે. શહેરના મુખ્ય રસ્તાઓમાં સ્ટેશન રોડ, પાળીયાદ રોડ માર્કેટ રોડ અને ગામતળના મુખ્ય બજાર રોડ નો સમાવેશ થાય છે. ટાવર રોડ અને તાજીયા ચોક વિસ્તારમાં સાંજના સમયે વાહન વ્યવહારનું પ્રમાણ અન્ય સમય કરતા વધારે હોય છે.

બોટાદ શહેર માં વાહનો ની સંખ્યા વધારે ન હોવાને કારણે વાહન વ્યવહાર માં ગંભીર મુશ્કેલી સર્જાતી નથી.

<u>૪-૧૨</u> <u>ઉપયોગીતા અને સેવાઓ:</u>

<u>૪-૧૨-૧</u> <u>વીજળી પુરવઠો:</u>

૪-૧૨-૧(૧) ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા બોટાદ શહેરને વિદ્યુત પુરવઠો પુરો પાડવામાં આવે છે. જેમાં રહેણાંક વિસ્તાર માટે વાણિજ્ય પ્રવૃત્તિ માટે ઉદ્યોગિક પ્રવૃત્તિ માટે , રસ્તાના દિવા બત્તી માટે અને ખેતી માટે આપવા માં આવેલા છે.

<u>૪-૧૨-૨</u> <u>પાણી પુરવઠો:</u>

૪-૧૨-૨(૧) બોટાદ શહેરમાં લોકોને નળ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવા માં આવે છે. જોકે શહેરના બધા ઘરોને નળના જોડાણ થી આવરી લેવામાં આવતા નથી. પરંતુ ગામતળના અમુક વિસ્તારમાં અને ગામતળની બહારમાં નવા પરા વિસ્તારમાં પાઈપ દ્વારા પાણી પુરું પાડવા માં આવે છે.

શહેરના ઘણા સ્થળોએ જાહેર પાણીના ટાંકાઓ દ્વારા પાણી પુરું પાડવા માં આવે છે. આ વ્યવસ્થા અપુરતી અને અગવડ ભરેલી છે.

૪-૧૨-૨(૨) કુલ ત્રણ સ્થળોએથી બોટાદ શહેરને પાણી પુરવઠો પ્રાપ્ત કરવામાં આવે છે. શહેર થી ૧.૫ કી.મી. દુર પાલીતાણા રોડ નજીક આવેલ જળાશય દ્વારા તથા બે મોટા કુવાઓ દ્વારા શહેરને પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. ઉનાળા ઋતુ દરમ્યાન બોટાદ શહેર માં પાણી પુરવઠાની તંગી ઉદભવે છે. હાલમાં નગરપાલીકા દ્વારા પાણી પુરવઠાની કોઈ યોજના હાથ ધરવામાં આવી નથી.

<u>૪-૧૨-૩</u> <u>ગંદકી નો નિકાલ:</u>

ગંદા પાણીનો નિકાલ કરવા માટે બોટાદ શહેરમાં ખુલ્લી તથા બંધ ગટરોની વ્યવસ્થા છે. બોટાદ નગરપાલીકા પાસે ગંદા કચરાનો નિકાલ કરવા માટે પુરતી કર્મચારીઓ અને સાધનો છે. ગંદા કચરાનો નિકાલ શહેર ની બહાર ખેતરોમાં કરવામાં આવે છે. વરસાદનું પાણી ઉંચાણ વાળી જગ્યામાંથી નિચાણ વાળી જગ્યા તરફ વહે છે. અને નાળા માટે તેનો નિકાલ થાય છે. રસ્તાઓ કાચા હોવાને કારણે વરસાદના પાણી બાદ ગંદુ વાતાવરણ સર્જાય છે.

## ૪-૧૩ હયાત જમીન વપરાશ:

૪-૧૩-૧ બોટાદ નગરપાલીકાની હદમાં આવતા વિસ્તારનું કુલ ક્ષેત્રફળ ૧૦૩૬ હેક્ટર છે. બોટાદ શહેરના જુના ગામતળ વિસ્તારનું ક્ષેત્રફળ ૩૦ હેક્ટર છે. જુનું ગામતળ વિસ્તાર ઉતાવળી નદીની બે શાખા વચ્ચે વિકાસ પામ્યું છે. જેમ કે જુના ગામતળનું મુખ્ય વિકાસ નદી ની મુખ્ય શાખાનું ઉત્તર બાજુએ થવા પ પામ્યું છે.

નવાપરા, રેલ્વે સ્ટેશન, અને અન્ય મહત્વના સ્થળોનો નદીની શાખાની ઉત્તર બાજુએ વિકાસ થવા પામ્યો છે.

### ૪-૧૩-૨ રહેણાંક વિસ્તાર:

મુખ્ય રસ્તાઓ ઉપર થોડા પ્રમાણમાં થતી વાણિજ્ય પ્રવૃતિ ને બાદ કરતા સમગ્ર ગામતળ વિસ્તારનો ઉપયોગ રહેણાંક માટે થાય છે.

ગામતળ ની બહાર ઉતાવળી નદીની મુખ્ય શાખાની ઉત્તર બાજુએ નવા રહેણાંક વિસ્તારમાં વિકાસ થવા પામ્યો છે. રહેણાંક વિસ્તારનું કુલ ક્ષેત્રફળ ૮૬ હેક્ટર છે. કુલ વિસ્તાર ના ૭.૩૩% જેટલું થાય છે. અને પ્રતિ હેક્ટરે ૩,૭૮ વ્યકિતઓની ધનતા છે.

### ૪-૧૩-૩ વાણિજ્ય વિસ્તાર:

૪-૧૩-૩(૧) બોટાદ શહેરમાં હયાત વાણિજ્ય વિસ્તારનું ક્ષેત્રફળ ૧૨.૩૫ હેક્ટર છે. જે કુલ વિસ્તારના ૧.૧૮% જેટલું થાય છે. વાણિજ્ય વિસ્તારમાં ગામતળની મુખ્ય બજાર સ્ટેશન રોડ પરની શાક મારકીટ, પાળીયાદ રોડ પર માર્કેટીંગ યાર્ડ, લાટી બજાર અને રેલ્વે સ્ટેશનની પાછળ આવેલ પેટ્રોલ પંપ નો સમાવેશ થાય છે.

### ૪-૧૩-૪ ઔદ્યોગીક વિસ્તાર:

૪-૧૩-૪(૧) બોટાદ શહેર માં ઔદ્યોગિક હેતુ માટે વપરાતી વિસ્તાર નું ક્ષેત્રફળ ૨૬.૫૦ હેક્ટર છે. જે કુલ વિસ્તાર ના ૨.૫૫% જેટલું થાય છે.

શહેરના મુખ્ય ઉદ્યોગો જેવા કે ઝવેરી કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેક્ટરી, ન્યુ કાઠીયાવાડ જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેક્ટરી, ઓઇલ મીલો, પથ્થરની ખાણો વિગેરેનો વિકાસ ઉતાવળી નદીની ઉત્તરે રેલ્વે સ્ટેશનની નજીક થવા પામ્યો છે.

ઉદ્યોગો માટે જરુરી માલ સામાન ની અવર જવર માટે સરળતા રહે છે. આ ઉપરાંત પાળીયાદ રોડ ઉપર પ્લોટીંગ સ્ટાઇલ થી બનાવવામા ઉદ્યોગ નો પણ વિકાસ થવા પામ્યો છે. અને અનેક વધુ ઉદ્યોગોનો ગામતળની બહાર નવા પરા વિસ્તારમાં વિકાસ થવા પામ્યો છે.

### ૪-૧૩-૫ જાહેર હેતુ માટેના સ્થળો અને ધાર્મિક સ્થળો:

૪-૧૩-૫(૧) જાહેર હેતુ તથા ધાર્મિક હેતુ માટે વપરાતા વિસ્તારનું ક્ષેત્રફળ૧૦.૩૦ હેક્ટર જેટલું છે. થાય છે. જે કુલ વિસ્તારના ૧.૦૦ ટકા જેટલું થાય છે.

બોટાદ શહેરમાં ૨૦ જેટલી મહત્વની સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ જુદી જુદી જગ્યાઓએ આવેલી છે. અલગ-અલગ સ્થળોએ સરકારની માલિકીના આશરે ૬૪ જેટલા મકાનો આવેલા છે.

४-१३-६ **ઉપયોગીતા અને સેવા:**

४-१३-६(१) બોટાદ શહેર માં ઉપયોગીતા ના અને સેવાની પ્રવૃત્તિ માટે આશરે ४५.०० હેકટર જેટલી જમીનનો ઉપયોગ થાય છે. જે કુલ વિસ્તારના ४.३४ ટકા જેટલું થાય છે. સેવાઓમાં રેલ્વે ની સેવા, ગુજરાત રાજય વાહન વ્યવહાર દ્વારા સંચાલિત બસોની સેવા/વિજળી પાણી, પુરવઠો, વિગેરેનો સમાવેશ થાય છે.

४-१३-७ બગીચા અને રમત ગમત ના મેદાનો તથા મનોરંજન સ્થળો માટે આશરે १.५ હેકટર જેટલી જમીન ની વપરાશ થાય છે. જે કુલ વિસ્તારના ०.१४ ટકા જેટલો થાય છે.

४-१३-८ **સ્મશાન ગૃહ અને કબ્રસ્તાન:**

અલગ અલગ ચાર જગ્યાએ આવેલા સ્મશાન ગૃહ અને કબ્રસ્તાન માટે બોટાદ શહેર માં આશરે २.६० હેકટર જેટલી જમીનનો વપરાશ થાય છે. જે કુલ વિસ્તારના ०.२५ ટકા જેટલો થાય છે.

ઉત્તાવળી નદીની દક્ષિણ બાજુએ ભગવાન પુરા નજીક, બોટાદ, ધોળા રેલ્વે લાઇન ની પૂર્વે બાજુએ નદીની દક્ષિણ બાજુએ રેલ્વે લાઇનની પશ્ચિમ બાજુએ પાવરહાઉસ ની નજીક, અને હરીજન પરાના પાછળના ભાગમાં રેલ્વે લાઇન નજીક એક કુલ ચાર (४) જગ્યાએ અલગ અલગ સ્મશાન ગૃહ અને કબ્રસ્તાન આવેલા છે.

४-१३-९ **નદી તળાવ-નહેરો:**

બોટાદ શહેરમાં નદી નાળા અને તળાવ માં આશરે २८ હેકટર જેટલી જમીન નો વપરાશ થાય છે જે કુલ વિસ્તારના २.७० ટકા જેટલો થાય છે.

४-१३-१०: **ખેતી માટે તથા ખુલ્લી જમીન:**

ખેતી માટેની જમીન તથા ખુલ્લી જમીન નું ક્ષેત્રફળ ५५१ હેકટર જેટલું છે જે કુલ વિસ્તાર ના ५४.०० ટકા જેટલું થાય છે.

## પ્રકરણ - ૫

### આયોજન ના પ્રશ્નો:-

૫-૧ બોટાદ શહેર ના અનેક પાસાઓની સંકલિત પ્રશ્નો ના અભ્યાસ કરવા એ માં આવ્યો છે. શહેર ને ભૌતિક, આર્થિક અને સામાજિક તથા જરુરીયાતોનો સર્વેક્ષણ અને વસ્તી ગણતરી ના પુસ્તકના આધારે ઊંડો અભ્યાસ કરવામાં આવ્યો છે.

બોટાદ શહેર ના ભૌતિક વિકાસ ના કોઈપણ ગંભીર સમસ્યા ઉપસ્થિત કરે તેમ પ્રશ્ન દેખાયા નથી. પરંતુ વસ્તી ની ગીચતા, વધતા વાહન વ્યવહાર, અનિયમિત વિકાસને વગેરેને ધ્યાન માં લેતા ભવિષ્ય માટે સમસ્યા ખડી થવાની સંભવ રહે છે.

શહેરના મુખ્ય પ્રશ્નો નીચે પ્રમાણે છે.

(૧) વસ્તી ની ગીચતા.
(૨) સાંકડા તથા અનિયમીત રસ્તાઓ, અને અવ્યવસ્થિત વાહન વ્યવહાર.
(૩) વિસ્તાર વહેંચણીના અભાવને કારણે ઉપસ્થિત થતો મિશ્ર જમીન વપરાશ.
(૪) સાર્વજનિક સવલતોનો અભાવ.
(૫) પુરતી જાહેર સેવાઓનો અભાવ.
(૬) પથ્થરની ખાણના ઉદ્યોગનો વિકાસ.
(૭) મકાનો ની તંગી.
(૮) વહીવટી માળખાનો અભાવ.

### ૫-૨ વસ્તી અને ગીચતા:

૫-૨-૧ બોટાદ શહેર ની વસ્તી માં એટલે કે ૧૦ વર્ષમાં એટલેકે ૧૯૬૧ થી ૧૯૭૧ વચ્ચે ૨૩.૦૦ % વસ્તી વધારો નોંધાયો છે. ગામતળ વિસ્તારમાં બહારની વસ્તીની ગીચતાનું પ્રમાણ વધતું જાય છે. ગામતળ બહાર ના વિસ્તારમાં ગૃહ નિર્માણ પ્રવૃત્તિ વસ્તી વધારાના પ્રમાણમાં ઘણી ધીમી ગતીમાં થઈ રહી છે પરિણામે ગામતળની ગીચતામાં ઉપરોત્તર વધારો થઈ રહ્યો છે. જે શહેરનો મુખ્ય પ્રાણ પ્રશ્ન બની રહ્યો છે.

### ૫-૨-૩ સાંકડા રસ્તાઓ તથા અનિયમીત વાહન વ્યવહાર:

૫-૩-૧ બોટાદ શહેરના ગામતળ વિસ્તારના રસ્તાઓ અતિ સાંકડા તથા અવ્યવસ્થિત છે. અને વાહન વ્યવહાર માટે મુશ્કેલી સર્જે છે. શહેરના મોટા ભાગ ના રસ્તાઓ કાચા હોવાને કારણે સ્વચ્છતાનું ધોરણ યોગ્ય રીતે જાળવી શકાતું નથી. તદુપરાંત વરસાદના પાણીને લીધે ગંદકીનું પ્રમાણ વધે છે.

રસ્તાઓ ઉપર દિવાબત્તીની પુરતી વ્યવસ્થા નથી. અને ઉપર ગાય જેવા પશુઓ રસ્તા વચ્ચે બેસી રહીને વાહન વ્યવહારમાં વિક્ષેપ પાડે છે. વાહન ઉભા રાખવા માટેની જગ્યાના અભાવને કારણે રસ્તા વચ્ચે ઉભા કરવામાં આવેલા વાહનો, વાહન વ્યવહાર માટે સમસ્યારુપ બની રહ્યા છે.

### ૫-૪ વિસ્તાર વહેંચણીના અભાવોને કારણે ઉપસ્થિત થતો મિશ્ર જમીન વપરાશ:

૫-૪-૧ વિસ્તાર વહેંચણીના અભાવને કારણે જમીનનો મિશ્ર વપરાશ થઈ રહ્યો છે. જેના કારણે શહેરનો અવ્યવસ્થિત વિકાસ થઈ રહ્યો છે. રહેણાંક પ્રવૃત્તિ અને ઉદ્યોગીક પ્રવૃત્તિના

[illegible]

ઉપસ્થિત થઇ રહ્યુ છે. ઉદ્યોગોનો
બિન આરોગ્યદાઇ અને ગંદુ વાતાવરણ ઉપસ્થિત થઇ રહ્યુ છે. ઉદ્યોગોનો
વિકાસ કોઇ નિશ્ચિત વિસ્તારમાં થવા ને બદલે છુટો છવાયો થઇ રહ્યો છે.

આ ઉપરાંત શહેરની વાણિજ્ય પ્રવૃત્તિનો ગામતળના મુખ્ય રસ્તા ઉપર વિકાસ થવા પામ્યો છે. ભારતના અન્ય શહેરની માફક વ્યાપાર વાણિજ્ય વિકાસ રસ્તાની બન્ને બાજુએ પટ્ટી આકારમાં થઇ રહ્યો છે આ જાતના વિકાસના કારણે માત્ર રસ્તાની બન્ને બાજુનો જ ખરો વિકાસ થાય છે. અને બાકી નો વિકાસ અવિકસીત રહી જાય છે. એ ઉપરાંત વાહન વ્યવહાર ની સમસ્યા ખડી થાય છે. અને જમીન ની કિંમત માં જંગી અસમાનતાનો ઉદ્ભવ થાય છે. આ રીતે ઉદ્યોગો ના અભાવને કારણે અલગ અલગ વિસ્તારોનો સમતુલિત વિકાસ થવા પામ્યો નથી. અને માત્ર સ્ટેશન રોડ, પાળીયાદ રોડ, ઉપરજ વધારે પડતો વિકાસ થવા પામ્યો છે. જયારે અન્ય વિસ્તાર અવિકસીત રહી જવા પામ્યો છે.

## ૫-૫ જરુરી સાર્વજનિક સવલતોનો અભાવ:

૫-૫-૧ બોટાદ શહેરની વસ્તી અને પ્રાપ્ય સાર્વજનિક સવલતોનો અભ્યાસ કરતા જણાય છે કે વ્યાપાર સાર્વજનિક સવલતો અપુરતી છે અને અનેક સવલતો ઉપલબ્ધ નથી. રમત ગમત ના મેદાનો તથા બગીચાની સવલત અપુરતી છે. જયારે ટાઉન હોલ ખુલ્લું સિનેમાગૃહ, સ્ટેડીયમ, બજારો, સ્નાન ગૃહો, વિગેરે મનોરંજન સ્થળોનો સંપૂર્ણ અભાવ છે.

નદીના કાંઠાં નજીક ના ભાગનો પુરો ઉપયોગ કરવામાં આવતો નથી. નદીના કાંઠા ઉપરના વિસ્તારનો મનોરંજન પ્રવૃત્તિઓ માટે વિકાસ જરુરી છે. સામાજિક પ્રવૃત્તિઓના વિકાસ માટે જરુરી કોમ્યુનિટી સેન્ટર અથવા કલચરલ સેન્ટર નો અભાવ છે.

## ૫-૬ જરુરી જાહેર સેવાઓનો અપુરતો વિકાસ

૫-૬-૧ સૌરાષ્ટ્રના અન્ય શહેરોની માફક બોટાદ શહેરમાં બંધ ગટરોનો અભાવ છે. અને તેથી ગંદુ તથા બિન આરોગ્યદાઇ વાતાવરણ ઉપસ્થિત થાય છે. લોકોને પુરો પાડવામાં આવતો પાણી પુરવઠો અપુરતો છે. શહેરના ઘણા લોકો નળના જોડાણોથી વંચીત છે. શહેર ના મોટા ભાગના રસ્તાઓ કાચા છે. અને વરસાદનું પાણી પડે છે. ત્યારે ઘણું ગંદુ વાતાવરણ ઉપસ્થિત થાય છે. રસ્તા ઉપર દીવાબત્તીની સવલત પણ પુરતા પ્રમાણ માં કરવામાં આવી નથી. શહેરના મોટા ભાગ ના લોકો સ્વતંત્ર જાજરુ, સ્નાન ગૃહ ધરાવતા નથી.

## ૫-૭ પથ્થર ઉદ્યોગોનો વિકાસ:

બોટાદ શહેરની આજુબાજુના વિસ્તારના ચણતર કામ માટેના પથ્થરનું ઉત્પાદન થાય છે. પરંતુ ધીમે ધીમે પૃથ્વીના પેટાળમાંથી પથ્થરનો જથ્થો વપરાતો જાય છે માટે પથ્થર ઉદ્યોગોના વિકાસને જાળવી રાખવો જરુરી છે. નહિંતર સમયના પ્રવાહ સાથે ખાણ ઉદ્યોગને અસર થવાનો સંભવ છે. આમ ખુટતો પથ્થરનો જથ્થો ભાવિ સમસ્યા ઉપસ્થિત કરે છે.

## ૫-૮ મકાનો ની તંગી:

૫-૮-૧ બોટાદ શહેરમાં મકાનો ની ઘણી તંગી છે. લોકોની જરુરીયાતને પહોંચીવળવા માટે થતી ગૃહ નિર્માણ પ્રવૃત્તિ ઘણીજ ધીમી છે. બોટાદ શહેર તાલુકા મથક હોવાને કારણે તથા અનેક સરકારી કચેરીઓ હોવાને કારણે બહારથી આવીને બોટાદ શહેરમાં વસવાટ કરનાઓ માટે મકાન ની જરુરીયાત ઉપસ્થિત થાય છે. શહેરની વસ્તી ના પ્રમાણ માં મકાનો ની સંખ્યા ઓછી હોવા ને કારણે મકાનો ની તંગી ઘણી તંગી વર્તાય છે. આમ અંદ ગૃહ નિર્મા

ંદ ગૃહ નિર્માણ પ્રવૃતિ મનુષ્ય માટે સમસ્યા ઉપસ્થિત કરી રહી છે.

૫-૬ વહીવટી માળખાનો અભાવઃ

બોટાદ શહેરમાં નગર આયોજન અંગે જાણકારી ધરાવતા વહીવટી માળખાનો અભાવ છે. તે કારણે શહેરની વિકાસ પ્રવૃતિનું યોગ્ય નિયંત્રણ થઇ રહ્યું નથી. અને અવ્યવસ્થિત રીતે બોટાદ શહેરનો વિકાસ થઇ રહ્યો છે. ભાવિ વિકાસ યોજના ના અમલી કરણ માટે અનુભવી વહીવટી તંત્ર જરૂરી છે.

[illegible]

## પ્રકરણ - ૬

## દરખાસ્તો નું અમલીકરણ

**૬-૧ અમલીકરણ**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૨૦ ૨૦(૧) (મુંબ.ટા.પ્લા.અધિ.૧૯૫૪ ની કલમ ૭ ના ભાગ (બ) (ક) (ડ) અથવા (ઇ) પ્રમાણે) બોટાદ શહેરમાં નકશાઓને અમલીકૃત બનાવવા માટે બોટાદ નગરપાલીકાને જમીન સંપાદન કરવાનો અધિકાર રહેશે. જમીન સંપાદન નું કાર્ય અંગત, મસલત સમજુતી અગર જમીન સંપાદન કાયદો ૧૮૯૪ અન્વયે વિકાસ નકશો અમલમાં આવ્યા પછી દોઢ વર્ષની મુદત માં કરી શકાય છે.

વિકાસલક્ષી દરખાસ્તોના અમલ માટે નગર પાલિકાએ તબક્કાવાર શ્રેણીબંધ નગર આયોજન યોજનાઓ તૈયાર કરવી જોઇએ. અને તેનો અમલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અન્વયે થઇ શકે છે. આ રીતે શ્રેણીબંધ રીતે યોજનાઓ ઘડવાથી આર્થિક રીતે ફાયદો થાય છે. અને યોજના નીચ ઝડપથી અમલીકરણ થઇ શકે છે. આ જાતની યોજનાઓ દ્વારા ખુલ્લી અને ઉપયોગ વગરની જમીનો વિકાસ સાધી અને રસ્તાઓ તથા નવા વિસ્તારનો વિકાસ કરીને શહેરને સુખદાઇ વાતાવરણ પુરુ પાડી શકાશે. પાણી પુરવઠો, વિદ્યુત પુરવઠો મનોરંજન સ્થળો વગેરેનો તબક્કાવાર વિકાસ કરીને શહેરને આદર્શ બનાવી શકાય છે. શહેરની કાયા પલટ ઝડપથી કરવી શક્ય નથી. પરંતુ તબક્કાવાર કાર્યક્રમો દ્વારા ચોક્કસ આયોજન વડે તે સાધ્ય કરી શકાય છે.

બોટાદ નગરપાલિકા આર્થિક રીતે એટલી સધ્ધરતા ધરાવતી નથી કે વિકાસ યોજનાનો એકી સાથે તાત્કાલીક અમલ કરી શકે. વિકાસ યોજનાના અમલ માટે નાણાંકિય સાધનો વિકસાવવા જરુરી છે.

સરકાર દ્વારા અથવા અન્ય અર્ધ સરકારી જાહેર સંસ્થાઓ દ્વારા પણ નાણાંકિય મદદ પ્રાપ્ય થઇ શકે છે. જેના આધારે પ્રાથમિક તબક્કામાં નાણાંકીય મદદ વડે શહેરનો વિકાસ થઇ શકશે.

વિકાસયોજનાના અમલીકરણ માટે અનુભવી વ્યકિતઓનું માર્ગદર્શન જરુરી છે. નગરપાલિકા પાસે આ જાતનું વિશેષજ્ઞ કર્મચારીગણ હોવો જરુરી છે.

[signature]
[illegible]
બોટાદ નગરપાલિકા

[signature]
અધ્યક્ષ,
આયોજન સમિતિ
બોટાદ મ્યુનિસિપાલીટી

૧૯

### પરિશિષ્ટ - ૩

વિકાસ નકશા માં ઝોનીંગ અંગેના નિયંત્રણો. ... વસ્તીવાળા શહેરો માટે

| અનુક્રમ નંબર | ઝોન નો પ્રકાર | કયા પ્રકારના બાંધકામોની પરવાનગી આપી શકાય | કયા પ્રકારના બાંધકામની સ્પેશિયલ કમિટીની ખાસ મંજૂરીથી પરવાનગી આપી શકાય. |
|---|---|---|---|
| ૧. | રહેણાંક | દરેક પ્રકાર ના વસવાટ માટેના મકાનો શૈક્ષણિક સંસ્થાઓ અને વાચનાલયો, આરોગ્ય અને વૈદકિય સગવડો, ધાર્મિક સંસ્થાઓ રહેવા માટે ની લોજો, હોસ્ટેલો, સેનીટોરીયમ, વગેરે. | ... દુકાનો, ઓફિસો, લાઈટ હોમ, વર્કશોપ ... |
| ૨. | વાણિજ્ય. | રહેણાંક ઝોનના બધા ઉપયોગો, છુટા દુકાનો કાર્યાલયો ... લેન્ડ, પેટ્રોલપંપ, અને સર્વીસ સ્ટેશન, સર્વિસ એસ્ટાબ્લીશમેન્ટ ... હોમ, વર્કશોપ મનોરંજનના ઉપયોગો ક્લબ સ્પોર્ટ્સ ... હોલ, આરોગ્ય અને વૈદકીય સગવડો, સીનેમા થીયેટર, પ્રીન્ટીંગ પ્રેસ, રીપેરીંગ ગેરેજ. | ... પ્રકાર ના બજારો ... |
| ૩. | ઔદ્યોગિક | દરેક પ્રકાર ના થીયેટર કારખાના અને ઉદ્યોગો (ભયજનક અને હેઝાર્ડસ ઉદ્યોગો સિવાય) ગોડાઉન કોઠાર, લાકડા ના ... સર્વીસ એસ્ટાબ્લીશમેન્ટ છુટક દુકાનો, ધંધાકીય મકાનો લેન્ડ સ્ટોરેજ હોટલ, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, મનોરંજન ના ઉદ્યોગો ~~...~~ ~~...~~ આરોગ્ય અને વૈદકીય સગવડો. | ... અને હેઝાર્ડસ ઉદ્યોગો, ઉદ્યોગોમાં કામ કરતા ... રહેણાંક ઉપયોગ માટે ના મકાનો. |
| ૪. | ખેતીવાડી | ખેતી ના દરેક પ્રકાર ના ઉપયોગો, નર્સરીસ્કુલ, અને ફળોની વાડીઓ પ્રાણી સંગ્રહ સ્થાન, મરઘા ઉછેર કેન્દ્ર, ડેરી, ... ઉછેર કેન્દ્ર, તબેલા માછું પકડાવવાના કેન્દ્રો, ખાતરનો સંગ્રહ અને ... માટેની જગ્યા, ખેતી સહાયક અને પેદાશ આધારીત ઉદ્યોગો માટે ... મકાનો ફાર્મ હાઉસ તથા ખેત મજુરો માટે ના મકાનો, સ્મશાન, કબ્રસ્તાન, ખાણ અને પથ્થર તોડવાની જગ્યા અને બાંધકામની જ... તેવા ઉપયોગો. | ઈંટો ના ભઠ્ઠા, ટાઇલ્સ અને મોટરી ઉદ્યોગો મ જુબેટ ફાર્મ ... રેશમિક અને ધંધાકીય ઉપયોગો |
| ૫. | | | |

પુરવણી

ગામતળ — કોલમ નં. ૪ માં દર્શાવેલ ઉપયોગ સિવાયના રહેણાંક વિસ્તાર તથા વાણિજ્ય ...

વાડજ, જુહ... રીલીફ, ધાર્મ... જમાલપુર ...

બધાં પ્રકાર ના ઝોનીંગ રેગ્યુલેશન માટે ' એપેન્ડીક્ષ - ૨ અને ૩

---

નોંધઃ- ૧ઃ લાઈટ ઈન્ડસ્ટ્રીઝ એટલે એવી ઈન્ડસ્ટ્રીઝ કે જેમાં એવા પ્રકારનું પ્રોસેસીંગ થતું હોય કે આજુબાજુના રહેણાંક વિસ્તારને તેના ઘોંઘાટ ધુજારા, ગંધ વાયુ, મેશ ધુમાડો, રાખ અને રજકણોથી નુકશાન થાય નહી અને જેમાં વધુમાં વધુ ૨૦૦ હોર્સ પાવર જેટલી શક્તિ વપરાતી હોય અને તે તેને લગતા યોગ્ય મકાન માં આવેલી હોય.

૨ઃ લાઈટ હોમ વર્કશોપ એટલે કે એવી કામની જગ્યા, એવી મશીનરી ગોઠવેલી હોય, એ પ્રકારનું કામ થતું હોય કે જેથી રહેણાંક વિસ્તાર [illegible] કાયમી ઘોંઘાટ, ધુજારી, ગંધ, વાયુ, મેશ ધુમાડો, રાખ અને રજકણોથી નુકશાન થાય નહીં અને જેમાં વધુ માં વધુ વિદ્યુત પાવર [illegible] જેટલો હોય ' જો ૫ કિલો વોટ વિદ્યુત પ્રવાહ શાંત પ્રક્રિયા માટે વાપરવાનો હોય તો સ્થાનિક સંસ્થાની પરવાનગી લેવી જોઈએ અને તે રૂમને [illegible] સેમી.ની દિવાલથી બાજુના રહેણાંક રૂમથી અલગ પાડવો જોઈએ.

૩ઃ ઓબ્નોક્ષીયસ અને હેઝાર્ડસ ઉદ્યોગો એટલે કે એવા પ્રકારના ઉદ્યોગો જેનાથી ઉત્પન્ન થતાં ગંધ પ્રવાહી, કચરો ધુમાડો, ગેસની જ્યોત, રજકણો અથવા બીજી વાંધાજનક પરિસ્થિતિ કે જે રહેણાંક માટે નુકશાનકારક હોય.

૪ઃ પાર્ક, રમત ગમતના મેદાનો, ખુલ્લી જગ્યાઓ, સાંસ્કૃતિક અને ધાર્મિક મકાનો, શૈક્ષણિક મકાનો, જાહેર સ્થાનિક સંસ્થાઓ, જાહેર વપરાશની સેવાઓ તેમજ નાગરીક પ્રવૃત્તિને લગતા બાંધકામો કોઈ પણ ઝોનમાં આવી શકાય.

૫ઃ દરેક પ્રકારનો ઝોન વિરુદ્ધનો હયાત વિકાસ અને ઉપયોગો જે તે મકાનો ની હયાતી સુધી ચાલુ રહેશે ત્યાર બાદ તેમાં તે ઉપયોગો માટે પરવાનગી આપવા માં આવશે નહી.

૬ઃ સર્વીસ એસ્ટાબ્લીશમેન્ટ એટલે કે એવા પ્રકારના કામ અથવા મશીનરી ગોઠવેલ સ્થળો કે જે આજુબાજુના રહેણાંક વિસ્તારના રહેવાસીઓ કે ધંધાદારીઓને તેમની રોજીંદી જરુરીયાતો પુરી પાડતું હોય, અને જેનાથી ઉત્પન્ન થતા કાયમી અવાજ ધુજારી ગંધ, વાયુ, ધુમાડો, મેશ, રાખ, ધુળ કે રજકોસ તે વિસ્તાર માટે નુકસાનકર્તા ન હોય અને તેઓ વિદ્યુત વપરાશ રહેણાંક વિસ્તારમાં હોય તો વધુમાં ૧૦ કિલો વોટ થી અને વાણિજ્ય વિસ્તારમાં હોય તો વધુ માં વધુ ૨૫ કીલોવોટ થી વધવા જોઈએ નહી. અને તેવા પ્રકાર ના હેતુ માટે યોગ્ય તેવા મકાન માં જ આવેલું હોવું જોઈએ.

[signature] [signature]

અધ્યક્ષ,
આયોજન સમિતિ

[illegible] નગરપાલિકા

# અંદાજી ખર્ચપત્રક

લોકો ઉપયોગી હેતુ માટે મુકરર કરેલી દરખાસ્તોની જમીન નું આશરે ક્ષેત્રફળ ત્થા કિંમત.

| દરખાસ્ત નં. | સુચિત દરખાસ્તનો પ્રકાર | અસર તળે આવતો રે.સ.નં. | કુલ ક્ષેત્રફળ ચો. મી. | સુચિત કિંમત દર ચો.મી. | કુલ કિંમત | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | બગીચો. | ૧૦૩૫/૧ પૈકી | ૧૨,૧૫૦-૦૦ | ૧-૦૦ | ૧૨,૧૫૦-૦૦ | |
| ૨. | મ્યુ.વોટર વર્કસ બગીચો | ૬૨૪/પૈકી<br>૧૦૩૫/૨ પૈકી | ૩૭,૧૨૫-૦૦ | ૨-૦૦ | ૩૪,૨૫૦-૦૦ | |
| X ૩. | બાળવાટીકા ત્થા પ્રાથમિક શાળા. | ૬૦૫/પૈકી | ૭૧,૭૭૫-૦૦ | ૧-૦૦ | ૭૧,૭૭૫-૦૦ | |
| ૪. | પાર્કીંગ ત્થા શાકમાર્કેટ અને ખુલ્લી જગ્યા | ~~૫૯૧,૫૯૦/પૈકી~~ | ~~૨૪,૩૦૦-૦૦~~ ૨૧૧૦૪ | ૧-૦૦ | ~~૨૪,૩૦૦-૦૦~~ ૨૧,૧૦૪ | |
| ૫. | ખુલ્લી જગ્યા | ૪૨૧/પૈકી | ૧,૮૦૦-૦૦ | ૦-૭૫ | ૧,૩૫૦-૦૦ | |
| ૬. | ખુલ્લી જગ્યા | ૬૯૧/૨ પૈકી<br>૬૮૮/૧ પૈકી | ૨,૨૫૦-૦૦ | ૧-૦૦ | ૨,૨૫૦-૦૦ | |
| ૭. | બગીચો | ૧૦૨૯/પૈ.<br>૧૦૩૦/પૈ.<br>નવુ ગામતળ | ૧૫,૭૫૦-૦૦ | નવુગામતળ ૨-૫૦ | ૩૯,૩૭૫-૦૦ | |

[signature]

[illegible] નગરપાલિકા

આં.ગી.દેસાઈ

અધ્યક્ષ,

આયોજન સમિતિ

[illegible] મ્યુનિસિપાલીટી.

Sanctioned under GOVT. notification urban Development and urban Housing Deptt. NO. GH/V/106 of 1985 - DVP - 2379 - 2249 (85) - L Dt 5th Sept. 1985, Subject to the modifications enumerated therein.

with effect from 1st Nov. 1985.

URBAN DEVELOPMENT & URBAN HOUSING DEPTT. GOVT. OF GUJARAT GANDHINAGA

[signature] 14.12.85

(D. G. PANDYA)
CHEIF TOWN PLANNER,
GUJARAT STATE,
AHMEDABAD.

[signature]

( J. H. TAMAKUWALA)
OFFICER ON SPECIAL DUTY TO GOVT.,
URBAN DEVELOPMENT AND
URBAN HOUSING DEPTT.

' બાંધકામ અંગે ની મંજુરી'

ગુજરાત નગર અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ( સને ૧૯૭૬ ની ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૭) ની કલમ ૨૯ (૧)(i) / ૨૯(૧)(ii) / ૨૯(૧)(iii) / અથવા કલમ ૨૯(૨)(બ) મુજબ બાંધકામની મંજુરી આપવા માં આવે છે/ આપવા માં આવતી નથી.

નામઃ-

કામ ની વિગતઃ-

નીચે ની શરતોને આધારેઃ

મુખ્ય નગરપાલિકા

ચેરમેન
આયોજન સમિતિ
બોટાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ,
બોટાદ મ્યુનિસિપાલીટી
બોટાદ.

27300
− 5392
21908

# FORM - A

Area Development Authority

Authorised officer

GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

No. :- WHEREAS the

Area Development Authority

Urban Development Authority has

Authorised Officer

Prepared and submitted a draft development plan described in the schedu hereto annexed for the area known as .... to the State Government under section 9 ofthe Gujarat Town Planning and Urban Development Act, 1976 (hereinafter referred to as "the said Act") ;

NOW, THEREFORE, in pursuance of sub-section (1) of section 13 of the said Act, the Authority/Authorised officer hereby gives notice that any objections and suggestions which may be received from any person with respect to the draft development plan within a period of two months from the date of its publication inthe Official Gazette shall be consi dered by the authority/Authorised Officer.

Area Development Authority

Authorised Officer.

FORM B

(See Rule 6)

Area Development Authority

Authorised Officer

GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

No. :- WHEREAS the

Area Development Authority
Urban Development Authority
Authorised Officer.

has

prepared any submitted a draft development plan to the State Government for the area known as ____________ andpublished the same in Part ____ of the Gujarat Government Gazette dated the __________ at page, ______ and notice of which was also given in the Gujarati News Papers dated th

AND WHEREAS objections and suggestions received have been considered by the Area Development Authority/Authorised Officer

AND WHEREAS after considering the objections and suggestions it is proposed to make modifications as specified in the Schedule annexed hereto ;

AND WHEREAS the proposed modifications are of extensive @@ or of substantial nature;

NOW, THEREFORE, in pursuance of section 15 of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (President's Act No. 27 of 1976) the Authority/Authorised Officer hereby gives the notice that any objections or suggestions which may be received from any person with respect to the said modifications within a period of two months from the date of publication of this notice shall be considered by Government.

Area Development Authority.

Authorised Officer.

'HBK'

FORM - C

(Rule 9)

Gujarat Town Planning and Urban Development Act, 1976.

Application for permission under Sections 27 and [illegible]

To,

The Authorised Officer,

Area Development Authority.

I/We hereby apply for permission for development as described in the accompanying maps and drawings.

Signature :-

Date :-

1. Applicants' name.
2. Postal Address.
3. Applicants interest in land with record of rights.
4. Description of land, Revenue village, Town Planning Scheme, Survey Number, Final Plot No.
5. What is the present use of the land and of the building. If they are to be put to more than one kind of use, please give details of each use.
6. Please describe in short the development work stating the proposed use of land and for the building. If land and/or the building are to be put to more than one use, please give details of each use.
7. Is this land included in a layout sanctioned by the appropriate authority ? If yes, please give date of sanction and reference No. with a copy of the sanctioned layout. If not, is it approved by any other Authority ? Give the name of such a Authority with date of sanction and reference number with a copy of the sanctioned layout.
8. For residential use, number of dwelling units and floor area on each floor.
9. Nature and manner of working of Industrial and Commercial establishment in case the proposed use is for industry/commerce.

   What separate arrangements have been proposed to be made for loading and unloading of goods from the industrial of commercial goods vehicles.

   What arrangements have been proposed to be made for disposal of industrial waste effluent.

24

Instructions to applicants regarding maps and documents to be submitted alongwith the application :-

The maps and drawings should be drawn or copies on a paper of proper and durable quality so that they are clearly and distinctly legible ; every map and/or drawing shall have to be signed by the applicant and his Engineer/Surveyor. If copies of original maps or drawings are submitted they shall be true copies.

Layout Plan ( Three copies ).

Layout plan of the whole lands shall invariably accompany every application for permission to carry out development by way of building construction.

This map shall be drawn to a scale of not less than 1 c.m. = 5 meters and show the following details :-

1. Boundaries of the S. No./Plots mentioned in the application and its layout by forming sub-divisions.
2. Existing buildings and new buildings proposed to be constructed, roads, streets, and carriage ways constructed thereon (existing construction should be shown distinctly from the proposed one ), proposed new roads, and streets their levels and width.
3. Proposed use of every building and open space not to be built over within a plot.
4. If the layout is for residential use maximum number of dwelling units that can be accommodated without any increase in future.
5. If the layout is for industrial or commercial use maximum area which can be built upon without any increase in future.
6. Existing facilities regarding water supply, sewerage, etc. diameter and gradient of water supply line, drainage, lines for the disposal of storm water as well as for sewerage.
7. Location of the plot in relation to the nearby public road.
8. Alignment and width of all the existing roads, including the road from which the plot has access from the major road, Existing access road and proposed new access road, if any, should be shown clearly and distinctly.
9. Existing trees and natural scenary worth pressarving.
10. Drawings ( 2 copies ) to a scale not less than 1 cm = 1 metre for the buildings existing as well as proposed with floor area for each floor.

[signature] [signature]

મુખ્ય અધિકારી, [illegible] નગરપાલિકા | અધ્યક્ષ, આયોજન સમિતિ [illegible] મ્યુનિસિપાલીટી

'HBK'

FORM - D

( See Rule 10 )

Permission for Development.

Permission is hereby granted/refused under section 29 (1)(i)/29(1)(ii)/29 (1)(III) or 49 (1) (b) of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (President's Act No. 27 of 1976.)

to* - - - - - - - - - - -

to** - - - - - - - - - - - - -

on the following conditions/grounds.

Authorised Officer/
આયોજન સમિતિ
Area Development Authority.

'HBK'

(b) to stop any development work
being carried on by you ;

FORM - E

(See Rule 11)



To,*

Shri/Shrimati/Kumari*

residing at ____________________ at Room No. __________

Taluka ____________________ District __________

GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

WHEREAS I the undersigned have reason to believe.

@ (i) that you have carried out/are carrying on development work or have retained the use of the building in respect of the premises described in the Schedule annexed hereto etc, in contravention of section 27 or section 28 or a permission granted under sub-section (1) of section 29 ;

@ (ii) that you have done the work in respect of the premises described in the Schedule appended hereto in contravention of sub-section (1) of section 34 or in contravention of the modifications and conditions of sanction given under sub-section (2) of section 34 by No. __________ dated __________ ;

(iii) that you have contravended the provisions of clause (a) or of a condition imposed under clause (b) of sub-section (1) of section 49 in respect of the premises described in the Schedule appended hereto ;

NOW, THEREFORE, in pursuance of the provisions of sub-section (5) of section 29/ or sub-section (4) of section 34/or clause (d) of sub-section (1) of section 49 of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (President's Act No. 27 of 1976) :-

(1) You are hereby called upon.

(a) to remove, pool down or alter the building or other work ;

(b) to stop any development work bing carried on by you ;

(c) to discontinue the use of the property or part of the property.

OR

(d) to restore the land to its original conditions as the case may be within a period of seven days from the date of receipt of this notice.

(2) You are hereby further informed that :-

(i) if you fail to, :-

(a) remove, pull down or alter the building or other work;

(b) to stop any development work being carried on by you ;

(c) to discontinue the use of the property or part of the property ;

(d) to restore the land to its original conditions as the case may be ;

OR

(ii) If you fail to show cause as to why the proposed [illegible] not be made the appropriate authority shall,

(a) remove, pull down or alter the building or other work ;

(b) stop any development work being carried on by you ;

(c) discontinue the use of the property or part of the property ; or

(d) restore the land to its original conditions as the case may be.

SCHEDULE

(Description of Works).

Signature of the Authorised Officer/Area Development Authority.

'HBK'